ગુજરાત સમાચાર દૈનિક પેપર (સૂરત-આવૃત્તિ)
પાન-નંબર - ૪
તા. ૧૯/૧૦/૨૦૨૨
કોલેજ ફાર્મ

# ટેન્ડર નોટિસ

## કોલેજ ફાર્મ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## [Tender No.: NAU/NMCA/CF/02-2022-23]

આથી સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે કોલેજ ફાર્મ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય ન.કૃ.યુ., નવસારીના વિભાગ- ઈ પ્લોટ નંબર : ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને વિભાગ-એફ પ્લોટ નંબર : ૨૫, ૨૬, ૨૭ સુધી (અંદાજીત ૬૦૦ મીટર) પ્રિ-કાસ્ટ વોલ બનાવવાની મજુરી/કામગીરી માટે એજન્સી/પાર્ટી નક્કી કરવાની થાય છે. તે માટે ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતી પાર્ટીઓને વિગતવાર ટેન્ડરની જાહેરાત નવસારી કૃષિ યુનિર્વસિટી, નવસારીની વેબસાઈટ www.nau.in ઉપર ટેન્ડર વિભાગમાં તા. ૧૯/૧૦/૨૦૨૨ થી તા. ૧૫/૧૧/૨૦૨૨ જોવા મળશે.

મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(સસ્ય)

માહિતી/નવસારી/૩૭૮/૨૦૨૨

# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**કોલેજ ફાર્મ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે પ્રિ-કાસ્ટ વોલ બનાવવાની મજુરી/કામગીરી માટેનું ટેન્ડર ડોક્યુમેન્ટ**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**ભરેલ ટેન્ડર ફોર્મ મોકલવાની છેલ્લી તારીખ : ૧૫/૧૧/૨૦૨૨**

## --: ટેન્ડર સબંધી વધુ વિગત માટે સંપર્ક કચેરી :--

**મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(સસ્ય),**
**કોલેજ ફાર્મ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી - ૩૯૬૪૫૦**

**(ટેન્ડર નંબર: NAU/NMCA/CF/02-2022-23)**

## પ્રકરણ ૦૧ : NAU/NMCA/CF/02-2022-23 (Offline Tender)ની જાહેરાત.

**કોલેજ ફાર્મ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે પ્રિ-કાસ્ટ વોલ બનાવવાની મજુરી/કામગીરી માટે એજન્સી/પાર્ટી ફિક્ષ કરવા બાબત..**

**[NAU/NMCA/CF/02-2022-23]**

આથી સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે, **કોલેજ ફાર્મ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય,** નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે પ્રિ-કાસ્ટ વોલ બનાવવાની કામગીરી માટે એજન્સી/પાર્ટી પાસે સીલબંધ કવરમાં **ભાવો** મંગાવવામાં આવે છે, તો રસ ધરાવતી પાર્ટીઓએ ઉક્ત કામગીરીના **તમામ ટેક્ષ સહિતના** ભાવો અત્રેની કચેરીને નીચેની વિગતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

| Period of Tender | : | **19/10/2022 to 15/11/2022 17.00 Hrs.** |
|---|---|---|
| Last date for submission of Tender Fee, EMD and other mandatory documents by RPAD/ Courier/ Speed post | : | 15/10/2022 up to 17:00 Hrs. |
| Tender Fee | : | Rs. 1,500/- |
| Earnest Money Deposit (EMD) | : | Rs. 15,000/- |
| Security Deposit | : | Rs. 25,000/- |
| Tendersubmission/Communication address | : | **Assistant Research Scientist (Agronomy)**<br>**College farm, N.M. College of Agriculture**<br>Navsari Agricultural University,<br>Eru Char Rasta, Navsari –396 450 (Gujarat).<br>E-mail: jvpatel@nau.in<br>Mobile No: 9426259770, 9712550794 |

**વધુમાં, સદર કામગીરી માટે ભાવો ભરવા માટે આ સાથે જણાવવામાં આવેલ કોઈપણ બાબતે મુંઝવણો જણાય તો રૂબરૂ અત્રેની કચેરીનો સંપર્ક કરી આપની મુંઝવણો અંગે માર્ગદર્શન મેળવી શકો છો.**

સદરહુ કામગીરી સામેલ નિયમો, બોલીઓ અને શરતો મુજબ કરવાની રહેશે.

## **પ્રકરણ ૦૨:** કોલેજ ફાર્મ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે પ્રિ-કાસ્ટ વોલ બનાવવાની મજુરી/કામગીરી તથા ટેન્ડર અંગેના નિયમો, બોલીઓ અને શરતો.

| | | |
|---|---|---|
| ૦૧ | કાર્યનો અવકાશ (Scope of Work). | |
| | ૧.૧ | કોલેજ ફાર્મ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે **વિભાગ-ઈ પ્લોટ નંબર: ૨૫,૨૬,૨૭,૨૮ અને વિભાગ-એફ પ્લોટ નંબર: ૨૫, ૨૬, ૨૭ સુધી (અંદાજીત ૬૦૦ મીટર)** પ્રિ-કાસ્ટ વોલ બનાવવાની કામગીરી માટે ફક્ત મજુરીના **પ્રતિ રનીંગ મીટરના ભાવ મુજબ કામગીરી કરવાની રહેશે.** |
| | ૧.૨ | સદર કામગીરી અંગેનું ટેન્ડર ભરવા પહેલા સ્થળ/સાઈટ ચકાસણી કર્યા બાદ ટેન્ડર સાથે સામેલ પત્રકમાં જ ભાવો ભરવાના રહેશે. |
| | ૧.3 | ફાર્મ ફરતે જગ્યા અનુસાર પ્રિ-કાસ્ટ વોલ બનાવવાની કામગીરી કરવાની રહેશે. |
| ૦૨ | સમિતિના હકો. | |
| | ૨.૧ | સદર કામગીરી માટે કોઈપણ એજન્સી/પાર્ટીનાં ભાવ/ભાવપત્રક સ્વીકારવા કે ન સ્વીકારવા એ અંગેના તમામ હકો સદર કામગીરીની ખરીદ પ્રક્રિયા માટે નક્કી કરવામાં આવેલ સમિતિના રહેશે. |
| | ૨.૨ | સદર કામગીરીની ખરીદ પ્રક્રિયા માટે નક્કી કરવામાં આવેલ સમિતિ જયારે ઈચ્છે ત્યારે ખરીદ પ્રક્રિયા રદ જાહેર કરી સ્થગિત કરી શકે છે અથવા રદ કરી સમગ્ર ખરીદ પ્રક્રિયા ફરીથી શરૂ કરી શકે છે. |
| | ૨.3 | સદર કામગીરીની ખરીદ પ્રક્રિયા માટે નક્કી કરવામાં આવેલ સમિતિ જે કોઈપણ નિર્ણય કરશે એ આખરી ગણવામાં આવશે. |

| | | |
|---|---|---|
| | ૨.૪ | સદર કામગીરીની ખરીદ પ્રક્રિયામાં તકનીકી દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ 3 (ત્રણ) કરતા ઓછી એજન્સી/પાર્ટીઓ લાયક (ક્વોલિફાય) થવા પામશે તો સદર કામગીરી માટે નક્કી કરવામાં આવેલ સમિતિ ઈચ્છે તો ગેરલાયક (ડીસ-ક્વોલિફાય) ઠરેલ એજન્સી/પાર્ટીઓના ભાવો ખોલવાનો નિર્ણય લઇ શકે છે. |
| | ૨.૫ | સદર કામગીરીના સ્પર્ધાત્મક ભાવો મેળવવા અને કામગીરી ઉચ્ચ ગુણવત્તા માટે સદર કામગીરી માટે નક્કી કરવામાં આવેલ સમિતિ જે નિર્ણય કરશે એ માન્ય ગણવામાં આવશે. |
| | ૨.૬ | સદર ટેન્ડર પ્રાપ્તિની છેલ્લી તારીખ પહેલાં કોઈપણ સમયે કોઈપણ કારણોસર ટેન્ડર ડોક્યુમેન્ટમાં સુધારા વધારા કે દસ્તાવેજમાં ફેરફાર કરવાની સત્તા સદર કામગીરી ખરીદ પ્રક્રિયા માટે નક્કી કરવામાં આવેલ સમિતિની રહેશે. |
| | ૨.૭ | સંબંધકર્તા સર્વેને વેબસાઈટ nau.in દ્વારા સુધારાની જાણ કરવામાં આવશે. તેથી તમામ એજન્સી/પાર્ટીને www.nau.in વેબસાઈટ નિયમિતપણે જોવા જણાવવામાં આવે છે. |
| | ૨.૮ | સદર ટેન્ડરની ટેન્ડર પ્રક્રિયા દરમ્યાન કે કામગીરી માટે એજન્સી/પાર્ટીની પસંદગી બાદ અથવા તો કામગીરીના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થવા પામશે તો તે બાબતે ન્યાયીક ક્ષેત્ર (Judicial Area) નવસારી રહેશે. |
| | ૨.૯ | સાધનિક પ્રમાણપત્રો અને વિગતો વગરનું ટેન્ડર ફોર્મ અધુરું ગણીને તેને અમાન્ય ગણવામાં આવશે. જે બાબતે પાછળથી પાર્ટીનો કોઇ હકદાવો રહેશે નહી. |

| 03 | દંડ (Penalty), વસુલાત અને કરારનામું. | |
|---|---|---|
| | ૩.૧ | સદર કામગીરી માટે પસંદગી પામેલ એજન્સી/પાર્ટી કોઈપણ કારણોસર જણાવેલ નિયમો, બોલીઓ અને શરતો મુજબ સર્વિસ/કામગીરી કરવામાં નિષ્ફળ નીવડે તો અત્રેની યુનિવર્સિટીમાં એ એજન્સી/પાર્ટીને કુલ ૫ (પાંચ) વર્ષ માટે બ્લેકલિસ્ટેડ કરવામાં આવશે તેમજ એજન્સી/પાર્ટીને અત્રેથી સદર કામગીરી માટે જે તે વર્ક ઓર્ડર માટે કોઈ રકમનું ચુકવણું કરવામાં આવેલ હશે તો ચૂકવેલી રકમ ઉપરાંત ૧૦ ટકા લેખે દંડ (પેનલ્ટી)ની રકમ સહિત પરત કરવાની રહેશે તેમજ સદર કામગીરી માટે જમા લેવામાં આવેલ ઇ.એમ.ડી અને સિક્યોરિટી ડિપોઝીટની રકમ ફોરફીટ કરી અત્રેની યુનિવર્સિટીમાં જમા લેવામાં આવશે. |
| | ૩.૨ | સદર કામગીરી માટે મંગાવવામાં આવેલ તમામ લાયકાત અને માપદંડ માટેના આધાર પુરાવામાંથી કોઈપણ આધાર-પુરાવા ખોટા સાબિત થશે તો સદર કામગીરી માટે નક્કી કરવામાં આવેલ સમિતિ ઈચ્છે તો અત્રેની યુનિવર્સિટીમાં ખોટા આધાર-પુરાવા રજુ કરનાર એજન્સી/પાર્ટીને બ્લેકલિસ્ટેડ કરવા તેમજ ઇ.એમ.ડી અને સિક્યોરિટી ડિપોઝીટની રકમ જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરી શકશે. |
| | 3.3 | કામગીરી દરમ્યાન યુનિવર્સિટીની માલ-મિલકતને કોઇપણ નુકશાન થાય તો તેની ભરપાઇ પાર્ટીએ કરવાની રહેશે તથા કામગીરી દરમ્યાન કોઇ અક્સ્માત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. |
| | 3.૪ | માલસામાનનું નુક્શાન અંગે યુનિવર્સિટી કક્ષાએ નિયુક્ત કરેલ કમિટીની ભલામણ મુજબની નુકશાનનો ખર્ચ નિશ્ચિત કરેલ પાર્ટીએ ભોગવવાનો રહેશે. |
| | ૩.૫ | સદર કામગીરી માટે પસંદગી પામેલ એજન્સી/પાર્ટીએ પોતાના સ્વખર્ચે **₹300/- (અંકે રૂપિયા ત્રણસો પુરા)**ના સ્ટેમ્પ પેપર ઉપર "**Assistant Research Scientist (Agro), College farm, Navsari Agricultural University, Navsari**" સાથે **(SLA)** સર્વિસ લેવલ એગ્રીમેન્ટ ફરજિયાત કરવાનું રહેશે. |

| | | |
|---|---|---|
| ૦૪ | **એજન્સી/ પાર્ટીની પસંદગી.** | |
| | ૪.૧ | સદર કામગીરી માટે એજન્સી/પાર્ટીની પસંદગી માટે એવી જ એજન્સી/ પાર્ટીના ભાવ પત્રક ખોલવામાં આવશે જેના તમામ ફરજિયાત મંગાવવામાં આવેલ તકનીકી દસ્તાવેજ પૂરતા અને સાચા હશે. |
| | ૪.૨ | સદર કામગીરી માટે એજન્સી/પાર્ટીની પસંદગી ન્યુનતમ ભાવ ઉપરથી કરવામાં આવશે. |
| | ૪.3 | જે પાર્ટીના ભાવો માન્ય રાખવામાં આવે અને તે પાર્ટી નિયત કરવામાં આવેલ તારીખે પ્રિ-કાસ્ટ વોલ બનાવવાની કામગીરી શરૂ કરવામાં નિષ્ફળ જશે તો કોઇપણ કારણ આપ્યા વગર તે પાર્ટીનો કોન્ટ્રાકટ રદ કરી પછીના ક્રમે આવતા ઇસમને કોન્ટ્રાકટ આપી દેવામાં આવશે અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)ની રકમ પુરેપુરી જપ્ત (forfeit) કરવામાં આવશે. |
| ૦૫ | **દસ્તાવેજીકરણ** | |
| | ૫.૧ | સદર કામગીરીના ભાવો તેમજ જરૂરી આધારો જમા કરાવવા માટે જુદાજુદા કુલ **3 (ત્રણ) કવર** બનાવવાના રહેશે.<br><br>**<u>(૧) તકનીકી દસ્તાવેજનું કવર.</u>**<br>જેમાં સદર જાહેરાતથી માંગવામાં આવેલ તમામ આધારો જેવા કે, ટેન્ડર ફીની રસીદ અને ઇ.એમ.ડી.નો ડ્રાફટ or **RTGS/DBT**ના આધાર પુરાવા, પાનકાર્ડની ઝેરોક્ષ નકલ, અનુભવના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અને અન્ય સાધનિક પુરાવા સામેલ રાખવા.<br><br>**<u>(૨) ભાવ પત્રક (સીલબંધ).</u>**<br>જેમાં ફક્ત સદર કામગીરી માટેના તમામ કરવેરા સહિતના ભાવો દર્શાવતું ભાવ પત્રક સામેલ રાખવું. આ કવર સીલબંધ ન હશે તો ભાવો માન્ય રાખવામાં આવશે નહીં. |

| | | |
|---|---|---|
| | | **(૩) મુખ્ય કવર (સીલબંધ).**<br>જેમાં ઉપરોક્ત બન્ને **(૧)** તકનીકી દસ્તાવેજનું કવર અને **(૨)** ભાવ પત્રકનું સીલબંધ કવર સામેલ રાખવા.<br>* મુખ્ય સીલબંધ કવર "મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (સસ્ય), કોલેજ ફાર્મ, એરૂ ચાર રસ્તા, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી-૩૯૬૪૫૦" ના સરનામે મોડામાં મોડું તા.૧૫/૧૧/૨૦૨૨ સુધીમાં કચેરી સમય દરમ્યાન મળી રહે તે રીતે પોસ્ટ/કુરીયરથી મોકલવાનું રહેશે. કવર ઉપર **"પ્રિ-કાસ્ટ વોલ બનાવવાની મજુરી/કામગીરીનું ટેન્ડર ફોર્મ"** એમ અવશ્ય લખવાનું રહેશે. આપના ભાવો અત્રેની કચેરીને નિર્ધારિત તારીખ સુધીમાં મળે તે મુજબ મોકલી આપવાના રહેશે અન્યથા આપના ભાવો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. (ટેન્ડર ફોર્મ રૂબરૂમાં સ્વિકારવામાં આવશે નહી) |
| ૦૬ | **એજન્સી/ પાર્ટીની પસંદગી, બિલિંગ વિગતો, ચુકવણીની શરતો, કર અને અન્ય શુલ્ક.** | |
| | ૬.૧ | સદર કામગીરી માટે તમામ પ્રકારના કરવેરા સહિતના ભાવો રજૂ કરવાના રહેશે. |
| | ૬.૨ | સદર કામગીરી માટે મંજૂર થયેલ ભાવો ઉપરાંત કોઈપણ પ્રકારનું ખાનગી/છુપા (હિડન) ચાર્જ, મુસાફરી ભથ્થું, લોજિંગ/બોર્ડિંગ જેવા કોઈપણ પ્રકારના વધારાના ભથ્થા/ચાર્જ ચૂકવવામાં આવશે નહીં. |
| | ૬.૩ | મંજુર થયેલ ભાવો ઓર્ડર આપ્યાની તારીખથી ૧૨ મહિના સુધી માન્ય રહેશે. |
| | ૬.૪ | કામગીરી દરમ્યાન જો કોઇ કારણોસર કામગીરી શક્ય ન બને તો જેટલી કામગીરી થઇ હશે ફક્ત તેના જ નાણાનું ચુકવણું કરવામાં આવશે. |
| | ૬.૫ | સદર કામગીરીના બીલના ચૂકવણામાંથી સરકારશ્રીના નિતિ-નિયમો મુજબ કરવેરાની કપાત કરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| | ૬.૬ | સદર કામગીરી માટે કોઈપણ પ્રકારનું અગાઉથી (એડવાન્સ) ચુકવણું કરવામાં આવશે નહીં. |
| | ૬.૭ | સદર કામગીરી માટે પસંદગી પામેલ એજન્સી/પાર્ટી અન્ય કોઈ એજન્સી/ પાર્ટીને સબ કોન્ટ્રાક્ટથી કામગીરી કરાવી શકશે નહીં, જેની ખાસ નોંધ લેવી. |
| | ૬.૮ | યુનીવર્સિટીને "મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (સસ્ય), કોલેજ ફાર્મ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી"ના નામનું પાકું બીલ આપવાનું રહેશે. બીલના પેમેન્ટ બાબતે કોઇપણ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે સંપુર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. જરૂરીયાત ઉભી થાય ત્યારે બીલની કુલ રકમમાંથી નિયમાનુસાર TDS/GST/Labour cess કાપી બીલનું ચુકવણું કરવામાં આવશે. |
| | ૬.૯ | માનનીય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર જે કોઇ ટેક્ષીસ ભરવા માટે કરવાની થતી જરૂરી કાર્યવાહી પાર્ટીએ કરેલ/કરવી જરૂરી છે અને તેના આધાર ટેન્ડર ફોર્મ સાથે રજુ કરવાના રહેશે. |
| | ૬.૧૦ | ભાવો સુવાચ્ય અક્ષરે અને છેકછાક વગર ભરવાના રહેશે તથા પાર્ટીના સહી સિક્કા યોગ્ય જગ્યાએ અને યોગ્ય રીતે થયેલ હોવા જોઇએ નહિતર આવું ટેન્ડર ફોર્મ અમાન્ય ગણવામાં આવશે. |
| ૦૭ | **ટેન્ડર ફી, ઇ.એમ.ડી અને સિક્યોરિટી ડિપોઝીટની રકમ.** | |
| | ૭.૧ | સદર કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા માટે **₹ ૧,૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા)** ટેન્ડર ફી (નોન-રિફંડેબલ) ભરવું ફરજિયાત છે. |

| | | |
|---|---|---|
| | ૭.૨ | સદર કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા માટે **₹ ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઇ.એમ.ડી) (રિફંડેબલ) ભરવું ફરજિયાત છે. સદર કામગીરી માટે એજન્સી/પાર્ટીની પસંદગી થતા અને પસંદગી પામેલ એજન્સી/પાર્ટી દ્વારા વર્ક ઓર્ડર સ્વીકાર્ય બાદ ઇ.એમ.ડી ની રકમ નિતિ નિયમો મુજબ છુટી કરવામાં આવશે. જો કોઈપણ કારણોસર પસંદગી પામેલ એજન્સી/પાર્ટી દ્વારા સમય મર્યાદામાં વર્ક ઓર્ડર સ્વીકારવામાં ન આવે, ૫ (પાંચ) ટકા સિક્યોરિટી ડિપોઝીટ જમા ન કરવામાં આવે તેમજ ટેન્ડરની બોલીઓ અને શરતો મુજબ કામ કરવા તૈયાર ન થાય તો ઇ.એમ.ડી ની રકમ પરત ન કરતા જપ્ત કરવામાં આવશે. |
| | ૭.3 | સદર કામગીરીનો વર્ક ઓર્ડર મળ્યેથી કામગીરીની શરૂઆત કરતા પહેલા સિક્યોરિટી ડિપોઝીટ (રિફંડેબલ)ની **₹ ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા)** રકમ જમા કરાવવાની રહેશે. સદર કામગીરી સંતોષકારક પૂર્ણ થતા સિક્યોરિટી ડિપોઝીટની રકમ સરકારશ્રીના નિતિ નિયમો મુજબ છુટી કરવામાં આવશે. |
| | ૭.૪ | ટેન્ડર ફી, ઇ.એમ.ડી અને સિક્યોરિટી ડિપોઝીટની રકમનો **ડિમાન્ડ ડ્રાફ્ટ** **<u>“Assistant Research Scientist (Agro), College farm,NAU,Navsari”</u>** ના નામથી જમા કરાવવાનો રહેશે.<br><br>**<u>Bank Details for RTGS/DBT:</u>**<br><br>**“ASSISTANT RESEARCH SCIENTIST (AGRONOMY)”**<br><br>**State Bank of India, (NAU Campus Branch)**<br><br>**Saving A/C No. – 35300927581**<br><br>**IFSC Code No. – SBIN0003889** |

| | | |
|---|---|---|
| | | ટેન્ડર ફી, ઇ.એમ.ડી અને સિક્યોરિટી ડિપોઝીટની રકમ **RTGS/DBT**થી ટ્રાન્સફર કરવામાં આવે તો એ અંગેની જાણ jvpatel@nau.in ઉપર કરવાની રહેશે તથા ટેન્ડર સાથે **DD/RTGS/DBT**ના આધાર પુરાવા તકનીકી દસ્તાવેજનું કવરમાં સામેલ રાખવાના રહેશે. |
| | ૭.૫ | અસફળ રહેલ પાર્ટીને તેમની અર્નેસ્ટ મનીડીપોઝીટ (EMD)ની રકમ ટેન્ડરીંગ કાર્યવાહી પુર્ણ થયે પરત કરવામાં આવશે. જ્યારે સફળ રહેલ પાર્ટી સિક્યોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ જમા કરાવે પછી પરત કરવામાં આવશે. |

**પ્રકરણ ૦૨ ના તમામ નિયમો, બોલીઓ અને શરતો અમને માન્ય છે.**

## એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો

# <u>પ્રકરણ ૦૩:</u> એજન્સી/ પાર્ટીની માહિતી

01. Name of Agency/ Party :

02. Agency/ Party Registration No. :

03. Complete postal address :

04. Telephone/Mobile Number :

05. FAX Number (if any) :

06. E-mail address :

07. GST No. :

08. PAN No. :

09. Any other details :

**એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો**

## **પ્રકરણ ૦૪:** ટેન્ડર સાથે જમા કરાવવાના આધાર પુરાવા, લાયકાત અને માપદંડ

| | |
|---|---|
| ૦૧ | સરકારી/સહકારી/યુનિવર્સિટીમાં પ્રિ-કાસ્ટ વોલ બનાવવાની કામગીરી અંગેનું અનુભવનું પ્રમાણપત્ર અથવા આધાર રજુ કરવાના રહેશે. |
| ૦૨ | છેલ્લા ૨ વર્ષના ઇન્કમટેક્ષ રીટર્નની વિગત રજુ કરવાની રહેશે. (Assessment Year: 2022-23 & 2023-24) |
| ૦3 | પાર્ટીના તમામ આધાર પુરાવા જેવા કે, પાન કાર્ડ, GSTની વિગત, Address Proof તથા અન્ય ટેન્ડરના પ્રકરણ-૨ અને પ્રકરણ-3માં જણાવેલ આધાર પુરાવા રજુ કરવાના રહેશે. |

**ઉક્ત તમામ લાયકાત અને માપદંડ માટેના આધાર પુરાવા અમારા દ્વારા સાચા અને યોગ્ય ખરાઈ કરી રજુ કરવામાં આવેલ છે અને જો કોઈપણ આધાર પુરાવા ખોટા સાબિત થશે તો સદર કામગીરી માટે નક્કી કરવામાં આવેલ સમિતિ જે નિર્ણય કરશે એ અમને માન્ય રહેશે.**

**એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો**

## પ્રકરણ ૦૫: ભાવ પત્રક (અલગથી સીલ બંધ કવરમાં જમા કરવું)

**કોલેજ ફાર્મ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી ખાતે પ્રિ-કાસ્ટ વોલ બનાવવાની મજુરી/કામગીરીનું અંગેનું ભાવપત્રક**

| અ. નં. | કામગીરીની વિગત | ભાવો (રૂા.)<br>(તમામ ટેક્ષ સહિતના) |
|---|---|---|
| ૧. | કોલેજ ફાર્મ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતેના વિભાગ–ઈ પ્લોટ નંબર: ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને વિભાગ-એફ પ્લોટ નંબર: ૨૫, ૨૬, ૨૭ સુધી (અંદાજીત ૬૦૦ મીટર) પ્રિ-કાસ્ટ વોલ બનાવવાની મજુરી/કામગીરીના પ્રતિ રનીંગ મીટરના ભાવ | |

સ્થળ :

તારીખ :

એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો